



વર્ષ ૨ અંક ૧૦ પોષ વદ ૧૧, ૨૦૬૫



શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીષટ્તિલા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૧૦

પ્રાત હી શ્રીગોકુલેશ ગોકુલેશ ગાઊં ।।

પૂરણ પુરુષોત્તમ વપુ ધરે વંદિત ત્રિલોકનાથ, શ્રીવિઠ્ઠલનંદન નિરખિ નિરખિ નેન સિરાઊં ।।૧ ।।

શ્રીવલ્લભજુકી સરનિ આયૈ જેતે કલિયુગકે જીવ, ઉદ્ધરૈ સમૂહ તિન હીં કહોં લોં ગિનાઊં ।।

જે કબહૂં નામ લેત તિનહૂં કૌ અભય દેત, માગત રઘુનાથદાસ નિકટ રહેન પાઊં ।। ૨ ।।





।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ–જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

વિક્રમ સંવતના ૧૫૦૦ સૈકામાં ધર્મની શક્તિ ક્ષીણ થઇ ગઈ હતી. ત્યારે શ્રીહરિ-શરણ એ જીવનો મુખ્ય ધર્મ છે એવા સ્વતંત્ર ધર્મની આહલેક પોકારનાર દ્વિજ સ્વરૂપે ભગવદ્ અવતાર (શ્રીકૃષ્ણાસ્ય) શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીનું પ્રાગટ્ય (સંવત ૧૫૩૫ થી ૧૫૮૭) થયું હતું. આપશ્રીને ત્યાં બે ભગવદ્ આત્મજ પ્રથમ શ્રીગોપીનાથ પ્રભુચરણ (સંવત. ૧૫૬૭ થી ૧૫૯૯) અને દ્વિતીય આત્મજ શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી પ્રભુચરણ) (સંવત. ૧૫૭૨ થી ૧૬૪૨) પ્રગટ્યાં, જેમણે ભારતીય સંસ્કૃતિને સત્ય-શિવ અને સૌંદર્યની ભાવનાથી સભર કરી. આ બન્ને સ્વરૂપોમાં શ્રીગોપીનાથજીને એક બાલક શ્રીપુરુષોત્તમજી પ્રગટ્યાં, અને બે બેટીજી. પણ પછી આગળ વંશ ન ચાલ્યો. પણ પરમ કારુણિક અને પરમ પતિતપાવન શ્રીવિઠ્ઠલનાથજી જે શ્રીગુસાંઈજી અને શ્રીપ્રભુચરણ નામે ઓળખાય છે, તે શ્રીવલ્લભનંદનને ત્યાં સાત ભગવદ્ આત્મજ ષડધર્મ અને ધર્મી સ્વરૂપે પ્રગટ થયાં. આપશ્રી બધાએ ઉત્તર ભારત, રાજસ્થાન, ગુજરાત, કેટલાક અંશે પંજાબ, કાશ્મીર, બિહાર, બંગાલ, મધ્યપ્રાંત, ઓરિસ્સા, દક્ષિણ ભારત, અને સિંધ પ્રાંત (હાલ પાકિસ્તાન)માં ભારતીય સંસ્કૃતિ ફેલાવી અને શ્રીહરિ-શરણ દ્વારા નામ અને સ્વરૂપસેવાનો બોધ આપી દૈવીજીવોનો ઉદ્ધાર કર્યો.

આ શ્રીગુસાંઈજીના સપ્ત ભગવદાત્મજોમાં આપશ્રીના ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી, જે સંવત ૧૬૦૮ના માગસર સુદ ૭ના શુક્રવાર રાત્રિ એક ઘડી છપ્પન પલ વીતી ગયા પછી પરમ પુરુષોત્તમરૂપે પ્રાગટ્ય થયું. આપશ્રીના જીવન અને સ્વરૂપનો બોધ કરાવનાર અનેક નાના-મોટા ગ્રંથો હાલમાં પ્રગટ થયા છે. જેમકે શ્રીગોકુલેશ પ્રભુનું જીવનચરિત્ર, શ્રીગોકુલેશ લીલા ચરિત્ર અવગાહનના બે ભાગ, કલ્યાણ ભટ્ટ રચિત કલ્લોલજી, ગોપાલદાસભાઈ વ્યારાવાળા રચિત પ્રાગટ્ય સિદ્ધાંત, ગુજરાત પ્રસંગ (રસિકરસ ગ્રંથ), વિરહ-ગીતા, તત્ત્વાર્થદોહન, સ્વરૂપ રસાવલી, શ્રીગોકુલેશ વાક્ સુધા, શ્રીગોકુલેશ સુબોધ વાર્તા, શ્રીગોકુલેશ ધોલ-પદ માધુરી, ૭૮ ભગવદીયોના ચરિત્રો, મનપ્રબોધ ગ્રંથ, શ્રીગોકુલેશ પ્રભુના હાસ્ય પ્રસંગો, વગેરે વગેરે અનેક ગ્રંથો છે, તેથી અત્રે આપણે એવા ભગવદીયોનું ચરિત્રો જોઈએ જે કેવળ ભગવદીય નથી, પણ સાથેજ ભક્તકવિ પણ છે, અને એવા ભક્તકવિઓએ અનેક ગ્રંથો સાથે ઘણાં ધોલ અને પદ શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુનું ગુણગાન કરે છે. આજે આપણે એવાજ એક અનુભવી શ્રીગોકુલેશ પ્રભુના અનન્યાસક્ત સેવક જ નહીં, પણ આપણા પુષ્ટિમાર્ગના એક પરમ વિદ્વાન આચાર્ય એક ગોસ્વામી બાલક શ્રીગુસાંઈજીના દ્વિતિયકુમાર શ્રીગોવિન્દજી મહારાજના પૌત્ર અને શ્રીકલ્યાણરાયજીના આત્મજ શ્રીહરિરાયચરણ (જેમને સમગ્ર પુષ્ટિમાર્ગ શ્રીહરિરાય મહાપ્રભુ તરીકે ઓળખે છે), એમનું આપણે ભક્તકવિ પણું આજે આપણે સારાંશમાં જાણીશું.

શ્રીહરિરાયચરણ :-

સંવત ૧૬૪૭નાં ભાદરવા વદિ ૫ના શુભ દિવસે શ્રીગુસાંઈજીના દ્વિતિયાત્મજ શ્રીગોવિન્દરાયજીના આત્મજ શ્રીકલ્યાણરાયજીને ત્યાં આપશ્રી (શ્રીહરિરાયજી)નું પ્રાગટ્ય થયું હતું. આપશ્રી સ્વયં મહાનુભાવી આચાર્ય, ભક્ત અને સમર્થ કવિ છો. શ્રીનાથજી ઉપર ઔરંગઝેબનો હલ્લો આવ્યો ત્યારે આખા સંપ્રદાયની રક્ષા આ મહાનુભાવી આચાર્યશ્રીએ કરી હતી. વળી આપશ્રીએ પોતાના કાકા શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી પાસેથી માર્ગીય દીક્ષા (બ્રહ્મસંબંધ દીક્ષા) લીધું હતું. આપશ્રીએ સંસ્કૃતમાં લખેલા અનેક ગ્રંથો શ્રીહરિરાય વાઙ્ગમુક્તાવલીમાં પ્રસિદ્ધ પામ્યા છે. તેવી રીતે આપશ્રીએ વ્રજભાષામાં **રસિક** છાપ ધરી કાવ્ય સાહિત્ય રચ્યુ છે. ગુજરાતીમાં પણ આપશ્રીની પદ્ય રચનાઓ છે, તેમ મનાય છે. પણ **રસિક** છાપથી જે પદ્ય રચનાઓ છે તે બધી જ આપશ્રીની છે તે નક્કી કહી શકાય તેમ નથી.

આપશ્રીને શ્રીગોકુલેશજીનો આત્મપરિચય હોવાથી એક સંસ્કૃત અષ્ટક શ્રીગોકુલેશાષ્ટકમ્ અને ૧૦૮ નામો શ્રીગોકુલેશ અષ્ટોત્તરશત નામાવલી આપશ્રીએ શ્રીગોકુલેશ પ્રભુના ૧૦૮ નામો પ્રગટ કર્યાં છે. જેમાં આપશ્રીએ શ્રીગોકુલેશ પ્રભુને શ્રીભાગવતના સારરૂપ ગોપીજનવલ્લભના ભાવને દિનરાત ભક્તો આગળ વિશદ કરનાર, શુદ્ધ પુષ્ટિમાર્ગ ફેલાવનાર, મધુરાકર, ભક્તસેવ્ય, માલારક્ષક તરીકે વર્ણવી છેવટે કહે છે, કે હવે બધા સાધનનું કંઇ પ્રયોજન નથી, તેથી અન્યાશ્રયનો ત્યાગ કરી શ્રીપ્રભુને પ્રિય એવા શ્રીગોકુલેશજીનું હંમેશા ભજન કરો, જપ કરો, આપશ્રીના સ્વરૂપનું ચિંતન કરો, શ્રીગોકુલેશજીના શ્રીચરણની ભાવથી સેવા કરો તો સર્વસુખ પોતાની મેળે મળશે.

વ્રજભાષામાં નિત્ય તથા ઉત્સવનાં કેટલાંક પદ રસિક નામે શ્રીગોકુલેશ પ્રભુનાં છે, સાથેજ વલ્લભ રસિક પદ પણ શ્રીગોકુલેશ પ્રભુ માટે છે. આનન્દ ભરી ડોલત વ્રજબાલા, એ કીર્તન સમાજમાં તિલક કરતાં બોલાય છે, તેમાં પણ રસિક છાપ છે. અનેક પ્રભાતિયા શ્રીગોકુલેશ પ્રભુ માટે રચ્યાં છે. હરિદાસ છાપનાં કેટલાક પદ ધોળ, મળે છે તે બધાં શ્રીહરિરાયજીનાં હોય તેમ જણાતાં નથી. પણ કોઇ ગુજરાતી કવિએ હરિદાસ નામનો સંવત સત્તરમાં સૈકામાં થયો હશે એમ માની શકાય.

રાગ આશાવરી :-

આનન્દ ભરિ ડોલત વ્રજબાલા ।। કુંકુમ તિલક કટોરન ભરભર મંગલ દેત સબનકે ભાલા ।। ૧ ।।

હસત પરસ્પર પ્રેમમુદિતમન પૂરિત પ્રેમ રસાલા ।। ફૂલનસોં નિરખત શ્રીવલ્લભવર રસિક રસિલી બાલા ।। ૨ ।।

આપ સૌને આવનાર ઉત્સવ શ્રીફૂલકુંવરમૉંજી મહારાજનો ઉત્સવ અને વસંત પંચમીની સર્વને ખૂભ વધાઈ. વસંતના દિવસો તો ખૂબજ આનન્દ પ્રદાન કરે છે. એટલેજ આપણાં ત્યાં વસંતનો ઘણોં મહત્વ છે.

રાગ વસંત :- **આઓ સુંદરિ ઝુંડન ગાવૌ, વસંત ખિલાવૌ લાલ ।। લાવૌ અબીર અરગજા જોબન, ઔર ફૂલનકી માલ ।। ૧ ।। નૈનનકી પીચકાઈ ચલાવો, મુસકની હાસ્ય રસાલ ।। વલ્લભદાસ પિય મહા રસિક સોં વિલસો રસ ભરિ બાલ ।। ૨ ।।**

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

ભાવત્ક:-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

વર્ષગાંઠનો ઉત્સવ

...ગતાંકથી આગળ

શ્રીગોકુલેશજીનું ખેલવણાંથી રિઝાવું :

રમકડાં વડે શ્રીગોકુલેશજીને પ્રસન્ન કર્યા પછી દેશદેશાંતરથી આવેલા ભક્તજનોએ પોતપોતાના દેશમાં બનતી નૌતમ સામગ્રી : વસ્ત્રાભૂષણ, ફળ, ફૂલ, પાન, શાક, વગેરે સર્વ શ્રીગુસાંઇજીને અર્પણ કર્યું. ત્યાર પછી એઓ શ્રીગુસાંઈજી કાર્યાર્થે રોકાતાં સ્વપ્રભુનાં ગોદમાં લઇ, ખાવા તથા ખેલવાની અનેક વસ્તુઓ વડે પ્રસન્ન કરી, આપશ્રીના રસમય અને ભાવાપન્ન સ્વરૂપનું પાન કરતાં એમાં લીન થવા લાગ્યાં.

પરમ ભગવદીય ગોપાલદાસભાઇ વ્યારાવાળા આ પ્રસંગને વર્ણવતા પોતાના **પ્રાગટ્યસિદ્ધાંત** માં જે ભાવભીનું વર્ણન કરે છે તેમાં થોડો ઉતારો નીચે પ્રમાણે છે :

શ્રીમુખ કોમલ સોહામણું, રૂપ તે કોટિ અનંગજી;
કેશ તે ખિટલિયાલા માંજુલી, ભાલ કપોલ સુરંગજી ॥ ૫૫ ॥
ભ્રકુટિ વિકટ સોહામણી, જાણે કામની કમાનજી;
દીસે સુખ નવલ અતિઘણું, નયણાં તે નાયકનાં લઘુ બાણજી ॥ ૫૬ ॥
નાસિકા નવલ નિરુપમ, સૂચક નાના સુગંધજી;
ગલસ્થલ રે સુંદર ઘણું, કર્ણ તે જુવતિના જાણે ફંદજી ॥ ૫૭ ॥
અધર અરૂણ અમૃત રસભર્યા, તેની ઉપમા તે નહિં આનજી;
દીઠે રતિ અભિલાખા ઊપજે, રસ વ્યાકુલનું જીવનદાનજી ॥ ૫૮ ॥
ગલ-સ્થલ રૂ સોહામણું, રસમય પૂરણકામજી;
આવે જે તૃષિત રસપાનને, તેને એહ છે વિશ્રામજી ॥ ૫૯ ॥
ગ્રીવા ગુણનિધ ગુણપૂરણ, ભુજવર દીર્ઘ હૃદયરસાલજી;
ઉદર નાભિ કટિ જુગલ તહાં, પ્રગટિત નૂતન અંગ રસાલજી ॥ ૬૦ ॥

ચરણ અરુણ અતિ ચંચલ છબી, નખમણિ નવલ અંકુરજી;
જહાં રે જોઉ તહાં અંગ અંગ ભર્યા, રસની ખાણ રસ ભરપૂરજી ।। ૬૧ ।।
રસ રમણીય સકલ અંગ જોતાં, તે અભિનવો ઉદ્યોતજી;
દીપક અંતરપટ આચ્છાદિયે, બહાર પ્રકટે છે જેમ જ્યોતજી ।। ૬૨ ।।
સ્વરૂપ રસાત્મક અતિરસભર, દીસે તે બાલકને અનુકરણજી;
સમે અવિરુધે તે સમે, ભક્તને કર્યા તે સકલ રસપૂર્ણજી ।। ૬૩ ।।
(પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૬)

નિત્ય નિત્ય નૌતન રસના રંગજી, અંગઅંગ વારું કોટિ અનંગજી;
મુસકની મૃદુલ મનોહર હાસ્યજી, વંક વિલોકની નેન વિશાલજી ;
(પ્રગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૭)

પકવાન :-

ત્યાર પછી શુભ મુહૂર્ત જોવડાવી પાક સામગ્રી માટે શ્રીગુસાંઇજીને ત્યાં કઢાઈ ચડાવવામાં આવી. ઉત્તમોત્તમ પાકશાસ્ત્રીઓને બોલાવી એમને ઘી, ખાંડ, સાકર, અને વિવિધ ભાતના લોટના ભંડાર સોંપી એમનાથી બની શકે એટલા પ્રકારનાં પાક તથા પકવાન બનાવવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાં જ પાકશસ્ત્રીઓએ ઉત્સાહથી પોતાને આવડતાં સર્વ પકવાન તથા પાક તૈયાર કર્યાં. જેનું વર્ણન ગોપાલદાસભાં વ્યારાવાળાએ (પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૧૧) ઘણાં વિસ્તારથી કર્યું છે. વાચકવૃન્દની જિજ્ઞાસાની શાંતી અર્થે એનો કેટલાક અંશો નીચે પ્રમાણે છે :

પ્રથમ જલેબી કીધી ઘણીયજી,
મિશ્રીના પાગ માંહે અતિ સણીયજી. ૧૨૧
લાડું દલિયા બુંદી સેવજી,
ફની બેસન મગજ તતખેવજી. ૧૨૨
અડદ, ચીરોજી માંજ અપારજી;
માંહે બદામ મીઠાઈ સારજી. ૧૨૩
બુકણી કરીય બરાસ વિવેકજી,
એમ કીધા લાડુ ભાંત અનેકજી. ૧૨૪
ઘૂંટી સેવ સંજોરી સંગજી,

સૂતરફેણીમાં બહુ રંગજી. ૧૨૫
સીરા સુખ પૂરી લહચોઈજી,
સૌ કોઇ રીઝે ઘેબર જોઈજી. ૧૨૬
ખીર વડાં દહી માખન કેરાંજી,
મઠડી ગુંજા કર્યા ઘણી રીતજી. ૧૨૭
પેંડા ખુવો બાસુંદીજી,
એ કીધાં છે દૂધે રાંધીજી. ૧૨૮
ખાજાં ખાંડ પાપડી ખુરમાંહજી,
એવો સ્વાદ નહિ તિહું પુરમાંહજી. ૧૨૯
(પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૧૧)

સુદિ છઠ્ઠનો ઉત્સવ :-

પકવાન મીઠાઇ વગેરે તૈયાર થયા પછી માગસર સુદી ૬ના રોજ ઉત્સવની તૈયારી અર્થે દ્વારે કદલીના સ્તંભ રોપાયા તથા પ્રથમથી તૈયાર કરી રાખેલાં વસ્ત્ર વગેરેથી શણગારી મોટો મંડપ તૈયાર કરવામાં આવ્યો. નગરમાં સર્વ વૈષ્ણવોએ પોતપોતાને ઘેર આનન્દથી તોરણ બાંધ્યાં તથા દ્વાર આગળ સુંદર રંગબેરંગી સાથિયા પૂર્યા. સ્ત્રીજનો સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી, મસ્તકપર મંગલ કલશ મૂકી આનંદમાં મધુર સ્વરે ગાંતા ગાંતા મંદિર આગળ આવી પહોંચ્યાં. જોતજોતામાં ત્યાં એઓની ઠઠ જામી ગઇ અને એ સર્વ પોતાનું ભાગ્ય માની ઉત્સવની જુદી જુદી સેવા કરવા મંડી પડ્યાં. કોઇ દ્વારે કુંકુમના હાથા દેવા લાગી, કોઇ સર્વને તિલક કરવા લાગી, કોઇ શ્રીબેઠક તથા શ્રીમંદિરમાં અગરના ધૂપ કરવા લાગી તથા કોઇ મોતીના થાળ ભરી આરતી પૂરવા લાગી. વળી આવી રીતે સેવામાં રોકાતાં આનંદમગ્ન થઇ કેટલીક ગાવા લાગી તથા ઘરને ભૂલી સ્વપ્રભુની સેવામાં એઓએ પોતાની એકાદશ ઇન્દ્રિયોનો નિરોધ સિદ્ધ કર્યો અને એ સ્થિતિમાં રહી શ્રીપ્રભુની રસિક લીલાનું પાન કરવા લાગ્યાં. રસિક ભક્તને આથી વધારે પ્રિય બીજું શું હોઇ શકે ?

આવી રીતે મંદિરની અંદર ચોતરફ આનંદ પ્રસરી રહ્યો હતો એ જ વખતે બહાર અનેક પ્રકારનાં મધુર વાજિંત્રોથી મંડપ ગાજી રહ્યો હતો, જેનું વર્ણન ગોપાલદાસભાઇ નીચે પ્રમાણે કરે છે :

છોટાં મોટાં જેહ નગારાંજી, વાજે નર માદા સૂર સારાજી;
પંચ શબ્દ છે અનૂપજી, તેના ન્યારા વાજે રૂપજી. ૧૬૪
વાજે અતિ ગતિ ભેર મૃદંગજી, સહિત સંગીત તણા સહું અંગજી. ૧૬૫
ગોમુખ ઢોલ ઢોલકી વાજેજી, ચંદ્ર મંડલી માંહા રાજેજી.
આવજ અમૃત કુંડલી તાલજી, ઝાંઝ ઝાલરી પરમ રસાલજી. ૧૬૬
ઘંટ કંઠમાલે મનમોહેજી, સ્વર સહનાઈના અતસિોહેજી.
વંશ વાંસલી નાના ભાંત્યજી, વાજે નફેરીની બહુ જાત્યજી. ૧૬૯
જેત્ર કિન્નરી ને સારંગીજી, વાલે આનંદ રસમાં રંગજી.
વાજે મહુવરને મુખચંગજી, સુણી મન ઉલટ્યો સર્વાંગજી. ૧૭૧
એવા અનેક અભિનવા વાજેજી, નામ વિશદ કરતા મન લાજેજી. ૧૭૩
(પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૧૧)

છઠ્ઠની રાત :-

રાત્રિ પડતાં શ્રીરુક્મિનીજી, શ્રીશોભાજી વગેરે સર્વ વહુ બેટી નાહી ધોઇ પાકશાળામાં ગયાં અને ત્યાં ઉત્સવ અર્થે અનેક સામગ્રી તૈયાર કરી. સામગ્રી કરવામાં આખી રાત પસાર થઇ ગઇ એ જણાયું પણ નહિં. છઠને દિવસે જે આનંદ-ઉત્સવ થયો હતો તેનું યત્કિંચિત્ જ્ઞાનછઠની રાતનું ધોળ ઉપરથી યથાધિકાર થશે.

છઠ્ઠ દિવસની રે રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે
વ્હાલે મ્હારો એવો રે રસિયો, ભક્ત હૃદયકમલમાં વસિયો. (૧)
રસિયો શ્રીવલ્લભ સુખ રાસે, ભક્ત તણીરે, વ્હાલે પુરીઆશ
મણિમય સુંદર સદન તે સોહીયે, ત્યાં આવી ઉભા મનમોહીએ. (૨)
રસની સામગ્રી ત્યાં બહુઅ થાલભરી ભરી લાવે સહુઅ
તિલક કુમકુમના રે કીધાં, આરતી વારતાં કારજ સીધાં. (૩)
ધોતી ઉપરણો રે સોહીએ, દેખી વ્રજજનનાં મન મોહીએ
તુલસી ગુંજા માલ બિરાજે, તે તો ચૌદ લોક પર ગાજે. (૪)
કાને કુંડલ રે ઝલકે, દેખી માનુનીના મન ઢલકે
ચંદન ચરચ્યાં રે શ્રીઅંગે, બેઠા વ્રજભક્તન કી સંગે. (૫)

વાત કરે છે રે રસાલી, હસી હસી પેટે આવે ખાલી
બીડાં આરોગે રે રસિયો, મોહનભાઈજીના ઉરમાં વસીયો. (૬)
ચરણકમલની રે આશ, વિનતી કરે રે કેશવદાસ
છઠ્ઠ દિવસની રે રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે. (૭)

સુદિ સાતમે ભક્તજનનું મંદિરે આવવું :-

બીજે દિવસે પ્રાતઃકાલથી ભક્તજન આનંદમય થઇ મંદિરે જવા, શરીરે તેલ ફૂલેલ લગાવી, નાહી ધોઇ, ઉત્તમોત્તમ વસ્ત્રાભૂષણ સજી તૈયાર થયાં. એ દિવસે સ્વપ્રભુનાં (શ્રીગોકુલેશ પ્રભુનાં) દર્શન માટે એ રસિક જનોને એટલી તો આર્તિ અને અધીરાઈ થઇ ગઇ કે દરેક જણ એકબીજાની સોબતની રાહ જોયા સિવાય બને એટલી ત્વરાથી મંદિર તરફ દોડવા લાગ્યાં. આ આર્તિ વડે ઘેરાઇ જવાથિ એઓ પોતાનાં ગૃહકાર્ય ભૂલી ગયાં, એટલું જ નહીં, રાસલીલામાં શ્રીકૃષ્ણની મોરલીનો નાદ સાંભળતાં શ્રીગોપીજનોની જે સ્થિતિ થઇ હતિ તે જ સ્થિતિ આ રસિક ભક્તોની થઇ અને તેથી પ્રાતઃકાલ થતાં એ સર્વ (બાલ, વૃદ્ધ, જુવાન, સ્ત્રી, પુરુષ) સૌભાગ્યમદમાં ચકચૂર બની લોકવેદની લજ્જાની યત્કિંચિત્ દરકાર કર્યા વિના બને એટલી ત્વરાથી મંદિરે જઇ પહોંચ્યાં.

જનમઉત્સવ કેરે આગમ, હરખ તે હૈયલડે ઘણોઅજી;
ઘેર ઘેર સહુ કોઈ ગાયે ને, આરંભ ઉચ્છવ તણોઅજી. (૧)
સીધાં સામગ્રી જલેબીય, કરિ કરિ રાખે છે તેહજી;
વસ્ત્ર અણાવે તે અતિ ઘણાં, અને વલી ભૂષણ બહુયજી. (૨)
ધોતી ઉપરણો ધરાવે છે, માસ તે આગમ એકજી;
મનોરથ કરે ભક્ત ઘણા, કેમ કરી કહી શકું તે વિવેકજી. (૩)
ભીતર તે ભલી ભાંતની, સામગ્રી થાય તે સહુજી;
માહારે માહ ઉત્સવ મન ધરી, કરે છે તે બેટી અને વહુજી. (૪)
જનમ ઉત્સવ કેરે દિવસજી, ફૂલને ફૂલ ન માયજી;
ફૂલે સકલ વ્રજવાસીને, ફૂલ સર્વાંગે સુહાયજી. (૫)
ઉલટ ને રે ઉલટ ઘણો, ઊલટ અંગ ન માયજી;
ઉલટ અતિશે રે ઉલટયો, ઉલટ રંકને રાયજી. (૬)
આનંદ આનંદ પામ્યોજી, આનંદ આવર્યો અપારજી;
આનંદ ગોકુલ ગામને, આનંદ નર ને નારજી. (૭)

મોદને મોદ તે અતિશય, મોદ તે મોદ ન માયજી;
મોદ તે બાલક વૃદ્ધને, મોદ ત્રિભોવન ન સમાયજી. (૮)
માગસર સુદિ રે સાતમ દિન, અનેક દુંદુભિ વાજેજી;
કુસુમવૃષ્ટિ સહુ સુર કરે, વધુઅ સમેત તે રાજેજી. (૯)
પાછલી રાત તે ભક્ત સહુ, શ્રીમુખ જોવાને જાયજી;
સમય પોઢ્યાનો જાણીને, આતુરતાયે તે ધાયેજી. (૧૦)
ચાલ્યા તે અતિસે ઉતાવલા, મંદિર માંહે તે પહોંચ્યાજી;
ઉઠે છે પ્રભુજીય પોઢી અને, પરમ સુખ હવું તે જોતાજી. (૧૧)
વેગે રે દંત ધાવન હવા, આચાર કૃત્ય તે કીધાજી;
ચરણકમલ જુગ પક્ષાલીને, આચમન વિધિસું લીધાજી. (૧૨)
વેગા વેગા કરી મહાપ્રભુ, તેલ લગાડીને ન્હાયેજી;
સેવક સહુ કોઈ નિરખીને, હરખે તે મિલિ મિલિ ગાયેજી. (૧૩)
મંદિર પધારે મહા મોદસું, ડગ તે ઉતાવળા ભરતાજી;
જમન ઉત્સવ રે પોતા તણો, મન તે ભક્તનું હરતાજી. (૧૪)
સેવક સહુ ઘેર આવીને, અંગ સુગંધ ચઢાવેજી;
ઉત્સવ આપણા પ્રભુ તણો, મનોરથ વિધ વિધના ભાવેજી. (૧૫)
નાના પ્રકાર ઉબટના તે, અંગે કરી કરી ન્હાયેજી;
વિવિધિ ભાંતિ કેરા વસ્ત્ર તે, વ્રજજન પહેર્યાં તે સુહાયેજી. (૧૬)
શણગાર અનેક ભાંતના, ખાંતે કરી કરી કરતાજી;
પરમા વિધિ સુખ પામવા, મન મનોરથ ધરતાજી. (૧૭)
એક ઉત્સાહ હોએ ઘેરે ઘેરે, કુમકુમ હાથા તે દીધાજી;
તોરણ બારણે બારણે, બાંધીને મંગલ કીધાજી. (૧૮)
ન્હવરાવાને રે નાથને, સામગ્રી સોહે હાથજી;
વેગા રે આવીને પોંહોંચ્યાજી, મંદિર સઘલેડો સાથજી. (૧૯)
સુંદરી મોદ મન અતિ ઘણો, ભાવ તે ભરીયા રસાલજી;
કુમકુમ ભરીય કચોલડાં, તિલક તે ભક્તને કરે ભાલજી. (૨૦)
વાટ જૂએ રે વાહાલાતણી, દુર્લભ આજનો દિનજી;
ભાવ તે ભક્તના જાણીને, પ્રભુજીએ આણ્યું તે મનજી. (૨૧)

..ક્રમશ:

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં વખતે આપણે શ્રીઋષિકુમાર શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું પ્રથમ નામ-સ્વરૂપ **आनन्दः**[1] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. સાથેજ આપણે બીજા **परमानन्दः**[2] નામને સમજવાનો પ્રયાસ કર્યો. ત્યાર પછી શ્રીઋષિઅગ્નિકુમાર શ્રીગુસાંઈજી આગળનું નામ વિચારવા લાગ્યાં. તો ત્યારે આપશ્રીના હૃદય-મનમાં વિચાર્યું કે આનન્દ તો અક્ષરમાં છે અને પૂર્ણપુરુષોત્તમમાં પણ છે તેથી સંદેહ થાય કે શ્રીમહાપ્રભુજી શું અક્ષરનાં આનંદરૂપ હશે? તો આ સંદેહ દૂર કરવા માટે આપશ્રીએ પરમાનંદ નામ પ્રકટ કર્યું. જોકે શ્રીમહાપ્રભુજી શ્રીપૂર્ણ પુરુષોત્તમ આનન્દરૂપ છે, તો પણ ભૂતલ ઉપર પ્રગટ થવાથી તદ્ રૂપ કેવી રીતે કહી શકાય તેના સમાધાન માટે કહે છે ત્રીજા નામ કહે છે : **श्रीकृष्णास्यं**[3] શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના મુખ સ્વરૂપ છે.

आनन्दः[1] **परमानन्दः**[2] **श्रीकृष्णास्यं**[3] **कृपानिधिः**[4] ।।
दैवोद्धारप्रयत्नात्मा[5] **स्मृतिमात्रार्तिनाशनः**[6] ।। ७ ।।

ભાવાર્થ :- આનંદ, પરમાનન્દ, શ્રીકૃષ્ણાસ્ય (શ્રીકૃષ્ણનું મુખ), કૃપાનિધિ (કૃપાના નિધિ-ખજાના), દૈવોદ્ધાર પ્રયત્નાત્મા (દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે), સ્મૃતિમાત્રાર્તિનાશન (સ્મરણ માત્રથી ત્રિવિધ તાપનો નાશ કરનાર). ૭

श्रीकृष्णास्यं[3] :- શ્રીકૃષ્ણાસ્ય (શ્રીકૃષ્ણનું મુખ)

રાગ: ધનાશ્રી

મેરો સર્વસ્વ શ્રીકૃષ્ણાસ્ય ।।
માયાવાદ - નિવારન - કારન કીનૌ હૈ અનુભાષ્ય ।। ૧ ।।
સુર નર મુનિ દેવ કોટિ તૈંતીસોં કરત હૈં સદા ઉપાસ્ય ।।
યહ તજિ ઔર તત્ત્વ કાહૈ રે માને હોહિ લોક-ઉપહાસ ।। ૨ ।।

શ્રીવલ્લભ-ચરનકમલ-સેવક જન સબતેં રહત ઉદાસ ।।
શ્રીવિઠ્ઠલ પદરજ **ગોવિન્દ** કરત બહિર્મુખકોં હાસ ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના શ્રીમુખારવિંદ **श्रीकृष्णास्यं**[3] સ્વરૂપ છે.

મૂળ ટીકા ભાવાર્થ:- **श्रीकृष्णास्यं** : લોકમાં પૂર્ણ પ્રકટ થયેલ શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ હોવાનું શું પ્રમાણ ? એવી શંકા થાય, તેથી શ્રીકૃષ્ણાસ્ય નામ કહ્યું છે. શ્રીકૃષ્ણ શબ્દથી શુદ્ધ ભક્તિમાર્ગીય રસરૂપ પુરુષોત્તમ જણાવેલ હોવાથી, તેમનું આસ્ય (શ્રીમુખારવિંદ) પણ તેવાજ પ્રકારનું હોવાનું યોગ્ય હોવાથી, કાંઇ શંકા કરવી નહીં.

સરળ સમજુતી :- શ્રીકૃષ્ણ અર્થાત્ **શ્રી** સહિત **કૃષ્ણ** આ શબ્દના ઉલ્લેખથી સંયોગ વિપ્રયોગ દ્વિદલાત્મક શ્રૃંગાર સ્વરૂપના (આસ્ય) મુખારવિન્દ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે. ભગવાનમાં આ બન્ને પ્રકારના રસો એકકાલાવિચ્છિન્ન રસો एककालाविच्छिन्न નિત્ય રહે છે.

बर्हापीडं नटवरवपुः

नटवरवपुःમાં નટવત્ અને વરવત્ એકજ સમયમાં વ્રજસ્થસ્ત્રીઓ માટે નટવત્ અને વનસ્થાઓ માટે વરવત્ વપુ શ્રીઠાકોરજીએ ધારણ કર્યું છે.

ભગવાન પોતાના રસપણાથી રસાત્મક સ્વરૂપ ધારણ કરે છે. રસ અને રસવાન બન્નેનું એક કાલમાં એકત્વજ હોય છે, તેવી રીતે આપના મુખારવિન્દ સ્વરૂપમાં પણ રસ અને રસવાન એક સમયાવિચ્છિન્ન એકજ સ્વરૂપમાં કહે છે. લૌકિકમાં ફલ રસવાન રસવાળું હોય છે પરંતુ રસ રૂપ હોતું નથી કારણકે તેમાં ગોટલી રેસા છોડાં વગેરે પણ હોય છે જે રસરૂપ હોતાં નથી, પરંતુ શ્રીપ્રભુનું શ્રીમુખારવિન્દ લાવણ્યામૃત આદિથી રસરૂપ અને સુધા આદિથી રસવાન પણ છે.

અશેષ ઐશ્વર્ય ભગવદ્ભાવ પુંભાવરૂપ સંયોગ અને શેષમાહાત્મ્ય શ્રીસ્વામિની ભાવ સ્ત્રીભાવરૂપ વિપ્રયોગ, આ બન્ને સંયોગ અને વિપ્રયોગ ભાવનું એકિકરણ શ્રીમહાપ્રભુજીમાં છે. આપશ્રીનું સ્વરૂપ સ્વામિની અને શ્રીકૃષ્ણ સ્વરૂપ ભગવાન બન્નેના શ્રીમુખારવિન્દ સ્વરૂપ છે અને તેથી આપ ઉભય દલાત્મક છે. આજ સ્વરૂપ વ્રજભક્તોનું શ્રૃંગાર કલ્પદ્રુમ છે.

भावैंरकुरितं महीमृगदषामाकल्पमासिज्जितं,
प्रेम्णाकन्दलितं मनोरथमयैः शाखाशतैः सन्भृतम् ।।

लौल्यैः पल्लवितं मुदा कुसुमितं प्रत्याशया पुष्पित,

लीलाभिः फलितं भजे व्रजवनी श्रृंगार कल्पद्रुमम् ।।

ના વર્ણનમાં વ્રજવનીમાં ફલિત શ્રૃંગાર રસ સ્વરૂપ કલ્પદ્રુમના ભજન સેવન કરવાની શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે.

વ્રજભુમિમાં મૃગનયની ગોપાંગનાઓના કલ્પ પર્યંત સિંચન કરેલ ભાવોથી અંકુરિત થયેલ આ કલ્પવૃક્ષ છે. બૃહદ્ વામન પુરાણમાં વર્ણન છે કે એક સમય વેદશ્રુતિઓને આર્તિ થઇ કે એક માત્ર ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થઇ શકે તેવું મનવાણીથી અગોચર રસાત્મક સાકાર આનંદઘન વિરુદ્ધધર્માશ્રયી સ્વરૂપનું અમો નિત્ય વર્ણન કરીએ છીએ તે સ્વરૂપમાં અમો એક ભક્તિમાત્રથી દર્શન કરીએ, ત્યારે અક્ષરબ્રહ્મરૂપ વ્યાપી વૈકુંઠ નિવાસી શ્રીકૃષ્ણ ભગવાને સકલ લીલા સામગ્રી સહિત કોટિ કંદર્પ લાવણ્ય ત્રિભંગીલલિત સ્વરૂપે વેણુનાદ કરતા સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. દર્શન કરતાં માત્રમાં જ શ્રુતિઓએ પોતે અમૂર્ત હોવા છતાં સ્ત્રીરૂપાત્મક મૂર્ત સ્વરૂપ સ્મરણની પ્રાર્થના કરી, ત્યારે શ્રીપ્રભુએ કૃપા કરી વરદાન આપ્યું કે :-

कल्पं रारस्वतंप्राप्यः व्रजेगोप्योभविष्यथः

સારસ્વતકલ્પમાં હું તમારા મનોરથો પૂર્ણ કરીશ. તમો વ્રજમાં સ્ત્રી રૂપે પ્રગટ થશો અને હું નંદાલયમાં પ્રગટ થઇશ. ત્યારથી વરદાનરૂપ અમૃતરસથી કલ્પ પર્યંત સિંચન કરતાં રહેલા શ્રુતિઓ માટે ભગવાન સારસ્વત કલ્પમાં પ્રગટ થવાથી અંકુરનાં દર્શન થયાં.

વિપ્રયોગ અવસ્થામાં શ્રુતિઓમાં તાપાગ્નિ પ્રગટ હોવા છતાં અમૃત દ્વારા સિંચન કેમ સંભવે ? તેનું સમાધાન શ્રુતિ દ્વારા अग्नेरोपः અને ફલ પ્રકરણમાં ગોપીજનો सिजचांग नत्स्वधरामृतपूरकेणથી ભગવાનને પ્રતિઉત્તર આપે છે કે આપે વેણુનાદ દ્વારા અમારા હૃદયમાં કામાગ્નિ પ્રગટ કર્યો છે તેનું શમન આપ આપના અધરામૃતના સિંચનથી કરો, આ રીતે થાય છે.

સ્વરૂપ દર્શનમાત્રથી ગોપાંગનાઓને અસાધારણ પ્રેમ અનુરાગ સંયુક્ત દૃઢ વિશ્વાસ થયો કે હવે અમારા મનોરથો પૂર્ણ થશે. તેથી અંકુરભાવનું મૂલ દૃઢ કન્દલિત થયું. સર્વે ગોપાંગનાઓ પોતપોતાના જુદા જુદા મનોરથો કરવા લાગ્યા. પ્રભુ પણ મુગ્ધ બાલ ભાવમાં પ્રૌઢભાવ સૂચક ભાવો પ્રગટ કરતાં રહ્યાં, જેથી અનેક મનોરથો સ્વરૂપ સહસ્રવધિ શાખા પ્રતિશાખાઓનો વિસ્તાર થયો. શ્રીમદ્ ગોપીજનો મનોરથ વિવશ અનેકધા ઉદ્યમ પ્રકાર કરવા લાગ્યાં. ભગવાન તદનુરૂપ ક્રીડા કરવા લાગ્યા. આ ક્રીડાઓ શાખા-પ્રશાખામાં પત્રરૂપે દર્શન દેવા લાગી અને લીલા પ્રાપ્ત જે મોદ-હર્ષ તે આ કલ્પવૃક્ષના કુસુમ બન્યાં. અને કુંજ નિકુંજ આદિ સ્વગત્ મનોરથોની પૂર્તિની પ્રતિક્ષા રૂપ ભાવો પુષ્પો બની વિકસ્યાં.

અંતમાં ભક્તજનોની ભાવનાનુસાર અનેક પ્રકારની લીલાઓથી આ શ્રૃંગાર કલ્પદ્રુમ મહારાસમાં ફલિત થઇ તમામ મનોરથોની પૂર્તિ થઇ.

तद्दर्शनाहलाद् विधूतहृद्रुजो

मनोरथान्तं श्रुतियो यथा ययुः ।।

ભાગવત ૧૦-૨૯-૧૩

આ પ્રકારેના રસાત્મક ભાવાત્મક શ્રૃંગાર કલ્પદ્રુમનું શ્રીગુસાંઇજી સેવન કરે છે. પુષ્ટિસ્થ તમામ ભક્તો પણ યથઅધિકારે આ કલ્પદ્રુમનું સેવન કરે છે.

શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપમાં શ્રીમહાપ્રભુજી સ્ત્રીરૂપે, પું-રૂપે અને ઊભયાત્મક રૂપના સાક્ષીરૂપે, એ રીતે આપશ્રીનું ત્રિતયાત્મક સ્વરૂપ છે.

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढ़भावात्मकं,

पुंरूपं च पुनस्तदन्तरगतं प्राविविशत्स्वप्रिये ।।

संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि यत्साक्षिकम्


रूपं तत् त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ।।

આ ત્રિતયાત્મક ત્રણે સ્વરૂપો નિત્ય લીલામાં ભોક્તા, ભોગ્ય અને અનુભવકર્તા રૂપ મૂળમાં પ્રવર્તક અને આધાર હોવાથી આ સર્વોત્તમસ્તોત્રમાં બીજ મુખ્યરૂપમાં ભોક્તા (आनन्दः[१]), ભોગ્ય (परमानन्दः[२]) અને અનુભવકર્તા (**श्रीकृष्णास्यं**[३])નું વર્ણન કરવામાં આવ્યું છે. આ ત્રણેય બીજરૂપ નામોથી અહ્દ એકના પાંત્રીસ પાંત્રીસ પુરક નામો બની બીજા ૧૦૫ નામ આગળ કહેવામાં આવશે.

શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણનું શ્રીમુખારવિંદ શ્રીકૃષ્ણાસ્યં સ્વરૂપ છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત


૮. વૈષ્ણવના ભગવદીય સાથેના વર્તનની સમજ

અબ ઔરહું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે - આઠમો લક્ષણ કહત હૈ. જો વૈષ્ણવ હોય સૌ સાચૌ હોય. લૌકિક-અલૌકિકમેં કપટ ન રાખે. ભગવદીયસોં મિથ્યા ન બોલે. મિલાપ રાખનૌ, ઉનકી સેવા ટહલ કરની, ઉનસૌ ભગવદ્ ચર્ચા કરની, ઉનકે હૃદયમેં ધારણ કરે, વારંવાર અપને મનમેં વિચારનો, ભગવદ્ વાર્તાકો હેતુ સમજનો, ભગવદીયકે આગે અપની બડાઈ કબહુ ન કરની. ઉનકો મન કાહુ બાતસો ખેદ પાવૈ સો ન કરનૌ. ઉનકી આજ્ઞા ઉલ્લંઘન ન કરની. ઉનસો સ્નેહ બોહોત રાખે. શ્રીઠાકોરજી સેવા-વાર્તા-લીલા કો પ્રકાર જો ન જાનત હોય સો દૈન્ય હોયકે ભગવદીયકે આગે બૈઠિકે મન લગાયકે ગોષ્ઠિ ભગવદ્ વાર્તા કરની. યા પ્રકારસોં રહે તો ભગવદ્ ધર્મ હૃદયમેં આવે. તબ ભગવદીય હોય યા પ્રકારસોં શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયે હૈ. ઈતિ શ્રી આઠમો પ્રસંગ. ૮

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા





સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

સુંદરભાઇ

તેઓ દાદા નારાયણજીના ચોથા પુત્ર હતા. તેમના પત્નીનું નામ વ્હાલીબાઇ હતું તથા બે પુત્રો : કૃષ્ણદાસ અને વનમાલીદાસ હતા.

આ સુંદરભાઇ રાજનગર (અમદાવાદ)માં રહેતાં હતા. બાલ્યવયથી જ શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણમાં અનન્યભાવે સ્વરૂપાસક્ત હતા. રાજનગરમાં રહીને પણ મન શ્રીગોકુલેશજીના શ્રીચરણારવિંદમાં રાખતા અને અહર્નિશ શ્રીગોકુલેશજીના સુખનો જ વિચાર કરતાં હતાં. જે કંઇ ઉત્તમ વસ્તુસામગ્રી પ્રાપ્ત થાય તે તરતજ શ્રીગોકુલેશજીની સેવામાં શ્રીમદ્ ગોકુલ મોકલતા.

જ્યારે મોહનભાઇજીએ પાલખીનો મનોરથ કર્યો ત્યારે સુંદરભાઇ શ્રીગોકુલમાં આવી શ્રીગોકુલેશજીના સંગે પાલખીનો સ્પર્શે શ્રીઠાકોરદ્વાર (શ્રીમદ્ ગોકુલ) ચાલ્યા હતા અને શ્રીગોકુલેશજીને અનેક પ્રકારના લાડ લડાવ્યાં હતાં. કેટલાંક કારણોવશ સુંદરવશ સુંદરભાઇને ગુજરાતમાં વિશેષ રહેવું પડતું હતું, આથી શ્રીગોકુલેશજીના મહોત્સવનું સુખ અને આનંદ લઇ શકતા નહોતાં. તેથી મહોત્સવ સમયે શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશજીના દર્શનની તીવ્ર આર્તિ સુંદરભાઇને સદા રહેતી હતી.

એક વખત સુંદરભાઇ જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે શ્રીમદ્ ગોકુલ આવ્યાં હતાં. મહોત્સવનું સુખ લેવાની ઉત્કટ અભિલાષા સુંદરભાઇના મનમાં હતી. આથી મોહનભાઇજી દ્વારા શ્રીગોકુલેશજીને વિનંતી કરી. ભક્ત મનોરથપૂરક શ્રીગોકુલેશજીએ સુંદરભાઇની વિનંતિ સ્વીકારી અને શ્રાવણ વદ ૧૦ અને ૧૧ના દિવસે પ્રાણપ્રિય શ્રીગોકુલેશજીએ મહોત્સવનું સુખ અતિ ઉદારભાવે દાન કર્યું. સુંદરભાઇના મનોરથનું સવિસ્તાર વર્ણન મહદ્‌મણિ ગોકુલભાઇજીએ **શ્રીસ્વરૂપાનુભવોત્સવ** ગ્રંથના માંગલ્ય ૨૨, ૨૩ અને ૨૪માં કર્હું છે. વિશેષમાં સુંદરભાઇના મનોરથનું એક ધોળ આ પ્રમાણે છે.

સુંદરભાઈનો મનોરથ : (શ્રાવણ વદ ૧૦, ૧૧)

શ્રીવલ્લભવર મનભાવતા મોટા ભાગ્યવાન; અંગઅંગ રમી રહ્યા કર્યા પૂરણ કામ. ૧
સુંદર પરમ સોહાગીઆ, મોહન મન પૂછે; શ્રીગોકુલમધિ વિલસતા એહવાં વચન કહે છે. ૨
તમો તો આંહાં રહી નીરખશો શોભા મહાઓચ્છવ સુખ; એહ મનોરથ મન રહે ચાલતાં અતિ દુઃખ. ૩
ભાગ્યરાસ એમ બોલિયા, એવડો શો વિચાર; મનોરથ પૂર્યા ને પૂરશે પ્રાણ તણો આધાર. ૪
મનોરથ જે મન તમતણો કરીએજી ભાઇ; પિયુજી ઘેર પધરાવીએ એમ થઇઅ વધાઈ. ૫
સાંભળી સહુકો હરખિયો સઘળો પરિવાર; ઉલટ અંગ માયે નહીં સાજ વિવિધ પ્રકાર. ૬
માહાપ્રભુને જઇ વિનવ્યા સાંભળો મહારાજ; દયા કરી ઘેર પોધારીએ જેમ સરે અમ કાજ. ૭
અવશ્ય કહી વાહાલો ઓચર્યા મુખ મધુરૂં બોલે; વદનકમલ વિકસી રહ્યાં નહીં કો સમતોલે. ૮
દંડવત્ કરી સહુ હરખીઆ મન ઘણો ઉછાહ; પરસ્પર વાતો કરે આનંદ માંહોમાંહેં. ૯
વિચિત્ર વિવિધ ભાંતિનાં વાજાં વાજે ધૈર્ય મોહન; ચડુવા બાંધ્યા માંડવે અતિસુંદર સોહન. ૧૦
પહેલા જે કૃત્ય પ્રભુ ઘેર કર્યા તે પ્રકાર; જન્મ ઉછવદિન સાંભળે તેણેસમે અનુસાર. ૧૧
વિવિધ ફૂલેલ તે આણીને પ્રભુ આગળ ધરીઆં; નીકટવર્તી વેગા આવીને શ્રીઅંગમર્દન કરીઆં. ૧૨
ચોકીએ પધરાવીને સુંદર કેસર ન્હવરાવે; ચોહોપાસા ઊભાં અંગના, જન્મલીલા ગાવે. ૧૩
વૈષ્ણવજન કીર્તન કરે પ્રીછી રસરીતે; અંગવસ્ત્ર કરીઅને ધર્યો ધોતીઉપરણો. ૧૪

આ પ્રમાણે કુલ ૫૪ ટૂંક આ ધોળમાં પ્રગટ કરેલ છે. સુંદરભાઇ શ્રીગોકુલેશજીના એવા કૃપાપાત્ર અને સ્વરૂપાસક્ત અનન્ય ભગવદીય હતાં. શ્રીગોકુલેશજી સદા તેમના ઉપર પ્રસન્ન રહેતા. તેમણે સ્વતન અનદ સ્વવિત્તથી શ્રીગોકુલેશજીની કરેલી સેવાનું વર્ણન થઇ શકે તેમ નથી.

...ક્રમશઃ

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઈલાલભાઈ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોળ પદ

શ્રીવલ્લભજીનું રૂપ નિરખું

શ્રીવલ્લભજીનું રૂપ નિરખું, અનંગ કોટિ નિવાસ;
વદનપંકજ રાજતું સદા, મંદ મ્રદુ કલહાસ. (૧)
મ્રદુલ પ્રવાલ રંગ, સોહે અધર રસાલ;
વચનામૃત સિંધુ લહરી, પ્રકટ અતિ કરૂણાલ. (૨)
ગાદી મૂંઢે ફૂલસું બેઠા કરે જયે વાત;
તેહ સમયની શોભા જોતાં, જણાય નહીં દિનરાત. (૩)
મહા મનોહર રૂપ દેખી, કોઈ ન ધરે ધીર;
રંચ અનુભવ થાય તેહને, વિકલ હોએ શરીર. (૪)
નેત્રમાંહે ને ગાલ ઉપર, મધુર હાસ્ય પ્રકાશ;
મહારસની રેલ ચાલે, પાન કરે નિજદાસ. (૫)
તે સમે નિજદાસના મનમાં હે, જે જે અતિ સુખ થાય;
મનનું તે મન જ સમજે, મુખ કાંઈ ન કહેવાય. (૬)
જેમ ગાયને વચ્છ ધાંવે, કરે અમૃતપાન;
ફૂલ નાચે કહી ન સકે, હરખનું નહીં માન. (૭)
શ્યામ કેસ અંબોડો ઝલકે, કપોલભાલ વિશેષ;
કોટિ કામનું મંદિર દીસે, કેસરી તિલકની રેખ. (૮)
તહાં આપ આપણાં ભાવ પ્રમાણે કરે છે રસપાન;
સોહે સેવક મહાવદાસ પામે છે બહુ દાન. (૯)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



વિચાર કરવો જોઇએ !

સેવાસ્વરૂપ

ગયાં વખતે આપણે જોયું કે સેવાનું સ્વરૂપ કેવું હોવું જોઈએ. શ્રીમહાપ્રભુજીના સ્વયંના વચનો છે કે ચિત્તને શ્રીકૃષ્ણમાં પ્રવણ થવું, અને તે પણ પ્રવણતા કોઇ અન્યના સહારે નહિં, પણ પોતાનાજ તન અને પોતાનાજ ધન દ્વારા. સાથેજ જે જે ઈષ્ટત્તમ (ઉત્તમોત્તમ) વસ્તુ છે, તે શ્રીપ્રભુની સેવામાં લગાવવી. કારણ શ્રીપ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે. એવું ન થાય કે આપણે પોતે પોતાની માટે માલપુંવા ખાઈએ અને શ્રીપ્રભુને આપણે કેવળ મિશ્રી ભોગથીજ ખૂશ કરીએ. કારણકે આપણે એમ કહીએ છે કે શ્રીપ્રભુતો ભાવ ના ભુખ્યા છે. એમને આ માલપૂંવા ધરવાની કાંઇ પણ જરૂર નથી. પણ એવું નથી. જુઓ વાર્તા પદ્મનાભદાસજીની વાર્તા. દ્રવ્ય સંકોચને કારણે પોતાના સેવ્ય શ્રીપ્રભુને છોલા ધરાવતાં હતા, પણ પોતે કાંઇ અલગ રાંધીને ખાતા ન હતા. તે પણ પોતે પોતાના સેવ્ય શ્રીપ્રભુને અરોગાવેલ છોલાં જ ગ્રહણ કરતાં. સેવાનું આવું સુંદર સ્વરૂપને આજે આપણે કેવું વિકૃત કરી દીધું છે. કેવળ પોતાના લાભ-તૃષ્ણા માટે આપણે પોતાનું અલૌકિક કર્તવ્ય છોડી દીધું. પ્રભુની સેવાનું સ્વરૂપ એવું સુંદર છે, પ્રભુની સેવા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીપ્રભુની સેવા માટે પોતાની પોતાના તન-ધનથી પોતાના સેવ્ય શ્રીપ્રભુની સેવામાં વિનિયોગ કરવો, કોઇ અન્યના દ્રવ્ય વડે નહીં, નહીં કે કોઇ અન્યને દ્રવ્ય આપીને સેવા કરાવી. શ્રીપ્રભુને જે ઉત્તમ વસ્તુ છે, તે સમર્પણ કરવું. ઉત્તમનો અર્થએ નથી કે આપણે કોઇની પાસેથી ઉધાર માંગીને લાવીને પોતાના પ્રભુને સમર્પણ કરીએ, પણ પોતાનાજ તન-ધન દ્વારાજે ઉત્તમ સામગ્રી આપણે લાવી શકીએ તે સમર્પણ કરવું જોઇએ.

હવે આપણે આગળ વધીએ.

શ્રીહરિરાયચરણ કૃત સ્વમાર્ગીય-શરણ-સમર્પણ-નિરૂપણમ્ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :-

स्वमार्गीयप्रकारोऽयं सर्वोपि हि निरूप्यते ।

गृहीत्वा नाम शरणं गत्वा सर्वं समर्प्य च ।।

सेवासार्थकतासिद्ध्यै देहादीनां तथा पुनः ।

अन्यत्राविनियोगाय क्रियतां तनुवित्तजा ।।

અર્થ :- સ્વમાર્ગીય સાધનાના આ બધા પ્રકારને નિરૂપિત કરવામાં આવે છે. નામ પામીને, શરણદીક્ષા લઈને; તથા બધું જ સમર્પણ કરીને સેવા અને દેહાદિની એવી સાર્થકતા સિદ્ધ કરવા માટે,

જેથી કરીને દેહાદિનો ક્યાંક અન્યત્ર વિનિયોગ ન થઇ જાય, તનુવિત્તજા સેવા કરવી જોઇએ. (સ્વમાર્ગીય-શરણ-સમર્પણ-સેવા-નિરૂપણમ્)

यस्तु स्वमार्गीय-सेवास्वरूप-ज्ञानाभाववान् मार्गरीत्या श्रद्धया यथाकथञ्चित् स्वरूपसेवां चेत् करोतीति तत्सेवायाः केवलभौतिकत्वात् लोकार्थी चेद् भजेत् कृष्णम् इति न्यायस्य जातत्वात् तदा सर्वथा संक्लिष्टो भवति, तदा भजनत्यागः ।

(स्वरूपतारतम्यनिर्णय)

અર્થ :- જેને સ્વમાર્ગીય સેવા-સ્વરૂપનું જ્ઞાન ન હોય એવી વ્યક્તિ જ્યારે માર્ગની ફક્ત રૂઢી મુજબ, સમજ વિનાની કોરી શ્રદ્ધાને આધારે, જેમ-તેમ સ્વરૂપ-સેવા કરવા માંડે તો તેવી સેવા કેવળ આધિભૌતિક સેવા હોય છે. તે સ્થિતિમાં **लोकार्थी** દેદ્ ભજેત્ કૃષ્ણમ્... ન્યાય પ્રમાણે એવો સેવાકર્તા ક્લેશ જ પામે છે. ત્યારે ભજન છોડી દેવું જોઇએ. (સ્વરૂપ-તારતમ્ય-નિર્ણય)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।
ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।
શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ
ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

...ગતાંકથી આગળ

નોંધ: - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઇએ ત્યારે કોઈ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

- ચરણસ્પર્શ કરવાની રીત જાણતા ન હોઇએ તો શ્રીબેઠકજીના મુખીયાજીને વિનંતી કરી જાણી લેવી પરંતુ મનકલ્પિત પ્રકારે તથા શ્રીપ્રભુને શ્રમ પડે તે પ્રકારે શ્રીચરણસ્પર્શ કદી કરવાં નહીં.
- હાથમાં સુગંધી લગાવીને તથા શીતકાલ હોય તો હાથ શેકીને, અતિ કોમળ હાથે શ્રીપ્રભુના શ્રીચરણસ્પર્શ કરવાં. શ્રીપ્રભુની શ્રીચરણરજ આપણા બન્ને નેત્રો, હૃદય અને મસ્તકે લગાડવી. ત્યારબાદ દંડવત્ પ્રણામ કરવાં.
- આપણા પ્રાણપ્રિય સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણને તિલક-આરતી કરવા ઇચ્છા રાખનાર વૈષ્ણવે અગાઉથી મંદિરના કાર્યાલયમાં જાણ કરવી અને આજ્ઞાનુસાર નિશ્ચિત દિવસે અને સમયે શ્રીબેઠકજીમાં ઉપસ્થિત રહેવું. શ્રીગુરુદેવની કૃપાથી અને મુખીયાજીના માર્ગદર્શન નીચે તિલક-આરતીનું અલૌકિક સુખ લેવું.
- **શ્રીગોકુલમાં આવેલા અન્ય શ્રીબેઠકજીઓમાં કરેલી અપરસ અહીં સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણની શ્રીબેઠકજીમાં ચાલતી નથી તેની ખાસ નોંધ લેવી.**
- કેવળ શ્રીગોકુલમાં જ રહેનાર શ્રીચતુર્થગૃહના સેવકો શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શનો નિત્ય લાભ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ શ્રીગોકુલ છોડી બહાર જઇ ખાનપાન-જલપાન કરનાર વૈષ્ણવે શ્રીચરણસ્પર્શ કરવા માટે ફરીથી વ્રત કરવું પડે છે.
- સ્થાનિક વ્રજજનો તથા યાત્રિકો મંદિરમાં દર્શનાર્થે નિત્ય આવતા હોય છે આથી અપરસ કર્યા પછી મંદિરમાં ક્યાંય દોડાદોડ કરવી નહીં. પરંતુ શાંતિથી એક જગ્યાએ બેસવું અને અપરસ છોવાઇ ન જાય તેની કાળજી રાખવી.
- વૈષ્ણવ ભાઇઓએ કચ્છ (કાછડી) મારીને પહેરેલું ધોતિયું અને બહેનોએ કટિથી નીચે પહેરેલું વસ્ત્ર એકવાર અપરસ કર્યા પછી અવશ્ય પલાળવું.
- શ્રીબેઠકજીમાંથી બહાર જતી વેળા પીઠ દઇને કદી જવું નહીં પરંતુ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા પછી જ બહાર જવું.

• આ આપણો અલૌકિક લ્હાવો છે. અને જ્યારે પણ આપણે હવેથી શ્રીમદ્ ગોકુલ અલૌકિક ધામ જઈએ, પોતાના શ્રીગુરુદ્વાર શ્રીસર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણના દર્શને જઈએ, ત્યારે આ નિયમોને અવશ્ય ધ્યાનમાં રાખીને આ અલૌકિક પ્રબંધને કાયમ રાખવા પ્રતિજ્ઞા લઈએ, અને આપણા શ્રીદાદાજીને શ્રમ ન થાય, તેનું ખાસ ધ્યાન દઈએ. આપણી માટે આ અલૌકિક દ્વારના દર્શન કરવા એજ આપણું અહોભાગ્ય છે. સૌ પ્રતિજ્ઞા કરીએ, કે હવે જ્યારે આપણે શ્રીમદ્ ગોકુલ આવીએ ત્યારે આ નિયમો અવશ્ય પાળીશું.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

નિત્યલીલા શ્રીગોકુલ નરેશ શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીકન્હૈયા પ્રભુ રચિત ધોળ

વારંવાર દરશન દીજીએ - શ્રીનાથજી, વારંવાર દરશન દીજીએ.
પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન દાસ ઉપર દયા કીજીએ - શ્રીનાથજી.
કરૂણાસિંધુ દાસ દયાનિધિ કૃપાનિધિ સુની લીજીએ - શ્રીનાથજી.
ઝાપટ વાગે માર તડા તડ, ઝાપટીઆ ઉપર ખીજીએ - શ્રીનાથજી.
આવ્યા તમારે દર્શન કારન, દાસ જાણીને ઉપર રીઝીએ - શ્રીનાથજી.
છેલ છબીલા સુંદર રંગીલા, શ્રીમુખ નીરખીને રીઝીએ - શ્રીનાથજી.
શ્રીવિઠ્ઠલ પ્રભુ કુંજ બિહારી, લોચન ભરી રસ પીજીએ - શ્રીનાથજી.

કવિત્ત

સુરતિકીયે તે રોમ રોમ સચુ પૈયત હૈ,

સુરતિ કે માન લીએ દુ:ખ પરહરીયે;

રંચ એક સન્મુખતામેં હિત કરીમાન લેત,

હિત કરી સુખ કે સમુદ્ર પાર કરીયે;

માનસકી પ્રીત કૈસી મનકી ન જાને બાત,

મનકી ન જાને, તાસોં કહા પચિ મરિયે;

યહ જાન જીય સમજાઉં તોકું વારંવાર,

પ્રીતિ કરિએ તો ગોકુલશજીસોં કરિયે. ૮

શ્રીગોકુલનાથકી જય

વર્ષ ૨ અંક ૧૦ પોષ વદ ૧૧, ૨૦૬૫



શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીષટ્તિલા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૧૦

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય એક વૈષ્ણવે ઈનકી લુગાઈકુ કસુર જાન કે મારી, તબ વે સ્ત્રી આપકે પાસ ગઈ, તબ વા વૈષ્ણવકુ બુલાયકે રોષ દ્રષ્ટિકર આજ્ઞા કીની જે જીવતો જાણતો, સ્ત્રી હરેક વખત કસુરવાર હોત હે, તેરો અપરાધ પડેગો તબ તોકુ કોન મારેગો, સબકે માલિક પ્રભુ હૈ, ઔર મીથ્યા મમતામેં ક્યોં જાત હો, વૈષ્ણવ હોય કે દયા રાખની ચાહીયૈ. ૧૦૨

વસંત પંચમી ની વધાઈ